## શું તમારા બાળકને પરીક્ષા માટે વધારે મદદ મળશે ?

વિશિષ્ટ શૈક્ષણિક મુશ્કેલીઓવાળા બાળકો પરીક્ષાઓમાં થોડાંક - અમુક વધારાના વળતર (એડિશનલ અલાવન્સ) માટે હકદાર હોઇ શકે, જેમકે મહત્વના તબક્કાની (કી સ્ટેજ) કસોટીઓ (SATs) અથવા GCSE/A level અભ્યાસક્રમોમાં.

ઘણુ કરીને આમાં પ્રશ્નોને વાંચન કરી અથવા જવાબ લખવામાં વધારાનો સમય અથવા મદદ મળી શકે, કે જે માટે તમારા બાળકની જરૂરિયાતો ઉપર આધાર રાખવામાં આવે છે. આવા પ્રકારના ટેકા કે *સપોર્ટને એક્સેસ એરેન્જમેન્ટ્સ (ગોઠવણી સુગમતા)* તરીકે ઓળખવામાં આવે છે.

પરીક્ષાની અગાઉ આવી વિશિષ્ટ પ્રકારની એક્સેસ એરેન્જમેન્ટસ કરવાની જરૂર રહે છે, જેથી કરીને તમારા બાળકના SENCO સાથે વાતચીત કરી, તેઓ કયો ટેકો કે સપોર્ટ આપી શકે તેની માહિતી મેળવો.



## શું એવા કોઇ સપોર્ટ ગ્રપ્સ (સમર્થન આપનારા જૂથો) હોય છે જેમાં આવી સરખી પરિસ્થિતિવાળા બીજા માબાપોને હું મળી શું ?

સ્કૂલ્સ (શાળાઓ: અને સ્થાનિક સત્તાવાળાઓના (લોકલ ઓથોરિટી) આવા સપોર્ટ ગ્રૂપ્સ સાથે જોડાણ ધરાવતા હોય છે કે જેના સંપર્કમાં તેઓ તેમને મૂકી શકે, મદદ-સહાય માટે તમારા શિક્ષકને વિનંતી કરો.

શૈક્ષણિક મુશ્કેલીઓવાળા બાળકોના માબાપોને ટેકા-આધાર (સપોર્ટ) આપનારા વિવિધ નેટવર્કસ હોય છે, જૂઓ અમારા સંપર્કો જોઇ - તપાસી જાઓ.



## સંપર્કો

ડિસ્લેકસિઆ ધરાવતા બાળકો અને યુવાન લોકોને સારી તાલીમ અને સહાયતાની માહિતી આપવા માટે:

ધ ડિસ્લેકસિઆ – SpLD ટ્રસ્ટ (Dyslexia-SpLD Trust)
૦૧૩૪૪ ૩૮૧ ૫૬૪ અથવા info@thedyslexia-spldtrust.org.uk

www.interventionsforliteracy.org.uk
www.thedyslexia-spldtrust.org.uk

હેલન આર્કેલ ડિસ્લેકસિઆ સેન્ટર (Helen Arkell Dyslexia Centre)
૦૧૨૫૨ ૭૯૨ ૪૦૦ અથવા enquiries@arkellcentre.org.uk
www.arkellcentre.org.uk

સ્થાનિક સપોર્ટ ગ્રૂપ્સ અને સલાહ માટે:

બ્રિટિશ ડિસ્લેકસિઆ એસોસિએશન (British Dyslexia Association)
હેલ્પલાઇન ૦૮૪૫ ૨૫ ૧ ૯૦૦૨ અથવા helpline@bdadyslexia.org.uk
www.bdadyslexia.org.uk

ડિસ્લેકસિઆ એક્શન (Dyslexia Action)
૦૧૭૮૪ ૨૨૨ ૩૦૦ અથવા info@dyslexiaaction.org.uk
www.dyslexiaaction.org.uk



British Dyslexia Association
Dyslexia Action
Helen Arkell Dyslexia Centre
patoss
Springboard
xtraordinarypeople

The Dyslexia-SpLD Trust

# ડિસ્લેકસિઆ વિષે પ્રશ્નો છે?



British Dyslexia Association · Dyslexia Action · Helen Arkell · patoss · Springboard · xtraordinarypeople

## ડિસ્લેકસિઆ કે વાંચન દોષ (dyslexia) એ શું છે ?

હાલમાં (dyslexia) ડિસ્લેકસિઆ કે વાંચન દોષને સારી રીતે સમજવામાં આવે છે, પણ તે જે લોકોને તેની અસર થયેલ હોય તેઓને હજી પણ મુંઝવનાર અને ગૂંચવણભરેલ બનાવી શકે.

ડિસ્લેકસિઆ (dyslexia) મોટે ભાગે વાંચન અને જોડણી કરવાની સ્કિલ્સના શિક્ષણ કે વિદ્યાને અસર કરે છે. ડિસ્લેકસિઆવાળા બાળકોને શબ્દોના અવાજ કાઢવા ફોનિક્સ કે ઉચ્ચારનો ઉપયોગ કરવાની મુશ્કેલી આપી શકે; તેઓને શબ્દોના અવાજનું વિભાજન કે જુદા કરવાનું મુશ્કેલ બનાવી શકે અને સૂચનાના સમુહની માફક બોલવામાં આવતી માહિતી યાદ રાખવાનું તેઓને ઘણી વખત મુશ્કેલ લાગે.

ડિસ્લેકસિઆવાળા (dyslexia) ઘણા બાળકોને સંકલન (કોર્ડિનેશન) કરવામાં અથવા સંખ્યા કે આંકડાના કાર્ય અથવા ગોઠવણ અને કેન્દ્રિકરણ કરવાનું પણ અઘરું લાગી શકે. આવી મુશ્કેલીઓ કંઈ ડિસ્લેકસિઆનો ભાગ - અંશ નથી, પણ તે આવા વાંચન દોશ કે ડિસ્લેકસિઆ પ્રત્યે ધ્યાન આપવાનું વધારે કઠીન બનાવવામાં, તેનો ફાળો – હિસ્સો હોઇ શકે.

ડિસ્લેકસિઆ (dyslexia) એ એક સૌથી સામાન્ય વિશિષ્ટ શૈક્ષણિક મુશ્કેલી છે, અને તે વસ્તીના આશરે ૧૦ ટકાને મહત્ત્વપૂર્ણ માત્રાએ અસર કરે છે. ડિસ્લેકસિઆની તીવ્ર માત્રાવાળા ઘણા લોકો ખૂબ જ ઓછા સપોર્ટ કે ટેકા- આધારથી સ્કૂલમાં સફળતા પ્રાપ્ત કરતા હોય છે. જેઓને સૌથી વધારે તીવ્ર મુશ્કેલીઓ હોય તેઓને સમગ્ર શાળા કે સ્કૂલ અને કામકાજ કરવાના જીવન દરમિયાન સતત કે ચાલુ ટેકાની જરૂર રહે છે.



## જો મારા બાળકને કદાચ જ ડિસ્લેકસિઆ કે વાંચન દોષ (dyslexia) હોય તો હું કેવી રીતે જાણી શકું ?

ઘણી વખત ડિસ્લેકસિઆના (dyslexia) પ્રથમ ચિહ્નો વાંચવા, લખવા અથવા જોડણી કરવાના શિક્ષણની સમસ્યા તરીકે જોવામાં આવે છે. પણ આવી સમસ્યાઓ અપૂરતી શર્વણ કે સાંભળવાની શક્તિ અથવા જોવાની શક્તિ અથવા શિક્ષણના પ્રકાર તરીકે પણ હોઇ શકે. જો આવા બીજા ઘટકોને બાકાત રાખી શકાય અને મુશ્કેલીઓ ચાલુ રહે તો પછી વાંચન, લેખન અને જોડણી કરવાની વિદ્યામાં પડતી મુશ્કેલીઓ માટેનું સૌથી સંભવિત કારણ ડિસ્લેકસિઆ હોય છે.

ડિસ્લેકસિઆ (dyslexia) કુટુંબ – પિરવારમાં ચાલવાનું વલણ ધરાવી શકે ; જો અપૂરતી જોડણી અથવા વાંચન કરવાની વિદ્યા – શિક્ષણમાં પડતી મુશ્કેલીઓવાળો ઇતિહાસ હોય તો, તમારું બાળક જે મુશ્કેલીઓ અનુભવી રહ્યું હોય તેવી સંભવિતા સાથે ડિસ્લેકસિઆને (dyslexia) સંબંધ હોઇ શકે.

સ્કૂલમાં વિધિસર વાંચન શિક્ષણની શરૂઆત પહેલા પણ ડિસ્લેકસિઆના (dyslexia) શરૂઆતના થોડાંક - અમુકલ લક્ષણો કે ચિહ્નોને પકડી શકાય. આમાં સમાવેશ હોય છે: પ્રાસના (રાઇમ) ખ્યાલ સાથેની મુશ્કેલી; ચીજ-વસ્તુઓના નામમાં ગૂંચવણ કે ગરબડ ગોટાળો (મડલ); એલ્ફબેટ કે બારખડીના અક્ષરોના અવાજ કે દ્વનિ (અથવા નામ) શીખવામાં પડતી મુશ્કેલી.

સ્કૂલમાં મોડેથી, તપાસ કરવા જેવા ચિહ્નોમાં સૂચનાઓ યાદ રાખવામાં પડતી મુશ્કેલી અને સામાન્ય રીતે દૈનિક જીવનમાં ભૂલી જવાની જણાતી મુશ્કેલીઓને સમાવેશ થાય છે; લોકો અથવા ચીજ-વસ્તુઓના સાચા નામ યાદ રાખવામાં જણાતી મુશ્કેલીઓ; મોટા શબ્દોનો ઉત્તાર કરવાની અચોક્કસતા અને શબ્દોને અવાજ કે ધ્વનિના નાના એકમમાં વિભાજન કરવાની મુશ્કેલીઓ.



## જો મારા વિચાર મૂજબ મારુ બાળક કદાચ ડિસ્લેકસિક (dyslexc) હોય તો મારે શું કરવું જોઇએ ?

સૌ પ્રથમ તમારા બાળકના શિક્ષણ સાથે સ્થિતિ વિષે વાતચીત કરો. આજની પ્રાથમિક શાળાઓ કે સ્કૂલ્સમાં, વાંચન કરવા માટેનું શરૂઆતનું શિક્ષણ જે દરેક દરેકને મળતું હોય છે તે પણ ડિસ્લેકિઆવાળા (dyslexia) બાળકો માટે અનુકૂળ હોય છે. આમ છતાં પણ, જો કોઇ ફિકર ચિંતા જણાય તો આમાં તદ્દન સહેલાઇથી શિક્ષકો મેળ બેસાડી (એડજસ્ટ) અને આમાં વધારો કે ઉમેરો કરી શકે – તેઓ પહેલેથી આવકુ કરી રહ્યા હોય તે, કદાચ તમને જાણવા મળશે. જે બાળકો (શિક્ષણમાં) પાછા રહી જતા હોય તેઓને માટે સ્કૂલ પાસે વધારાના કાર્યક્રમની (પ્રોગ્રેમ) સુગમતા (એક્સેસ) હોય છે.

જો તમે હજી પણ ચિંતિત રહો અથવા તમારું બાળક પ્રગતિ કે વિકાસ કરતું ન હોય, તો પછી સ્પેશ્યલ એજ્યુકેશન નીડ્ઝ કોર્ડિનેટર (વિશિષ્ટ શૈક્ષણિકની જરૂરિયાતવાળા સંકલન કરનાર) (SENCO) અથવા સ્કૂલના હેડ સાથે મીટિંગની વ્યવસ્થા કરી વધારે વિકલ્પોની ચર્ચા-વિચારણા કરો, કે જેમાં આકારણી કરવાનો સમાવેશ થતો હોય.

## શું મારું બાળક, વાંચતા, લખતા અને જોડણી કરવાનું શીખશે ?

યોગ્ય સપોર્ટ કેલટેકા-આધારથી, ડિસ્લેકસિઆવાળા (dyslexia) બાળકો ઘણુ કરીને વાંચન, લખાણ અને જોડણી કરવા સમર્થ બને છે; જો કે આ માટે તેઓને વધારે સમય લાગી શકે.

મદદરૂપ બને તેવી ટેક્નોલોજી કે ઔદ્યોગિક કળાઓ જેવી કે સ્માર્ટ ફોન્સ (smart phones) , લેપટોપ્સ (laptops) અને ટેબલ્ટ કમ્પ્યૂટર્સ (tablet computers) અસરકારક રીતે સંદેશાવ્યવહાર કે વાતચીત કરવા ડિસ્લેકસિઆવાળા (dyslexia) ઘણા બાળકોને મદદરૂપ રહી છે.

## જો મારું બાળક ડિસ્લેકિસક (dyslexic) હોય તો હું કેવી જાણી શકું ?

ડિસ્લેકસિઆ કે વાંચન દોશના (dyslexia) શરૂઆતના ચિહ્નો કે લક્ષણો ઓળખવા અને પ્રગતિ કે વિકાસ શોધી કાઢવા, સ્કૂલ્સ કે શાળાઓ હવે ઝડપી અને સાદી કે સહેલી ટસોટીઓ કરે છે. જો ડિસ્લેકસિઆ (dyslexia) દર્શાવતા કોઇ ચિહ્નો કે લક્ષણો જોવા મળે અને વિકાસ સારો રહ્યો ન હોય તો, સ્પેશ્યલીસ્ટ કે વિશિષ્ટ શિક્ષણક અથવા સ્કૂલના શૈક્ષણિક માનસશાસ્ત્રી (એડ્યુકેશનલ સાઇકલોજિસ્ટ) આકારણી કરતા હોય છે.

આવી આકારણી (એસેસમેન્ટ) તમારા બીળકની શક્તિની માત્રા (સ્ટ્રેંગ્થ) અને નબળાઇનું ચિત્ર દર્શાવી અને ભલામણો પણ કરે છે.

